सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૧/૧૧/૨૦૨૨ |
| નોંધ્યા તારીખ | ૧૧/૧૧/૨૦૨૨ |
| નિકાલ કર્યા તારીખ | ૦૯/૦૩/૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ ૦૧ માસ ૦૩ દિન ૨૬ |

**પાટણના ત્રીજા એડી.જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટ, મું. પાટણ.**

**ક્રિમીનલ કેસ નંબર : ૨૭૮૦/૨૦૨૨**

**આંક :**

**ફરિયાદી : શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી : દશરથજી મનુજી ઠાકોર,**
**ઉ.વ.આ. ૩૫,**
**રહે. બાલીસણા, જીગાભાઈ પટેલના બોર ઉપર,**
**તા. જી.પાટણ.**

**ગુન્હો : પ્રોહીબીશન એકટની કલમ-૬૬(૧)(બી) તથા**
**મો.વિ.એકટની કલમ-૧૮૧(૧), ૩, ૧૮૫ મુજબ.**

---

**ફરિયાદ પક્ષે : મદદનીશ સરકારી વકીલશ્રી કે.સી.વકીલ**
**આરોપી પક્ષે : વિ.વકીલશ્રી એ.બી.ઠાકોર**

---

**-: જ જ મે ન્ટ :-**

૧. હાલના કામે ફરિયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૫.૦૯.૨૦૨૨ ના રોજ કલાક ૧૮-૦૦ વાગ્યાના સુમારે

બાલીસણાથી ડાભી જતા રોડ ઉપર, જીગાભાઈ મોહનભાઈ પટેલના બોર ઉપર પોતાના કબજા હવાલાનું મોટર સાયકલ બજાજ કંપનીનું ડીસ્કવર મોટર સાયકલ નં. જી.જે.૨૪.એન. ૩૯૩૩ નું જાહેર રોડ ઉપર ગે.કા. વગર પાસ પરમીટે દારુ પીધેલ હાલતમાં સર્પાકાર રીતે વગર લાયસન્સે ચલાવી, પોતાની શરિરસ્થિતિનું ભાન ન રાખી મળી આવી, ધી પ્રોહી. એકટની કલમ–૬૬(૧) (બી) તથા મોટર વ્હિકલ એકટની કલમ–૧૮૧, ૩, ૧૮૫ હેઠળ સજાને પાત્ર ગુનો કરેલ છે.

૨. આ કામે આ કામે આરોપીને સમન્સ કરતાં, આરોપી હાજર થતાં, આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આરોપી સામે આંક–૦૫ થી ઉપરોકત ગુનાનું તહોમતનામું ફરમાવી, આંક–૦૬ થી આરોપીનું સ્ટેટમેન્ટ લેતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં, ફરિયાદ પક્ષે કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

૩. ત્યારબાદ આજરોજ તા. ૦૯.૦૩.૨૦૨૪ ના રોજ લોક અદાલતમાં આ કામના આરોપીએ હાજર થઈ આ કામના આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલાતની પુરસીસ કરેલ છે અને આરોપીએ પોતાની મૌખિક રજુઆતમાં જણાવેલું છે કે, તેઓ કોઈપણ જાતની ધાકધમકી વગર ગુનો કબુલ કરે છે, તેઓ ગરીબ વર્ગના તેમજ કુટુંબ કબીલાવાળા માણસ છે, તેમજ તેઓનો આ પ્રથમ ગુનો છે. જેથી તેઓના ઉપર દયા રાખી યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલ છે. આમ, કેસની હકિકત તથા આરોપીની આર્થિક સ્થિતીને ધ્યાને લઈને, તેમજ આરોપીની ગુનાની સ્વૈચ્છિક કબુલાત ધ્યાને લેતાં, તેમજ નામદાર ગુજરાત

હાઈકોર્ટ જી.એલ.આર. ૨૦૦૫ (૧) પાન નં.૭૦૯, ગુજરાત રાજય વિરુધ્ધ નટવર હરચંદજીના કેસમાં આપેલ માર્ગદર્શીકા મુજબ આ કામના આરોપીને કાયદામાં નિયત કરેલ લઘુતમ સજા અને દંડ ન કરતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

૧. આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૨ અન્વયે પ્રોહી. એકટની કલમ-૬૬(૧)(બી) તથા મો.વી.એકટની કલમ-૩, ૧૮૧ (૧), ૧૮૫ મુજબના ગુનામાં દોષિત ઠરાવી ક્રિ. પ્રો. કોડની કલમ-૨૫૫(૨) મુજબ સજાનેપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને પ્રોહી. એકટની કલમ-૬૬(૧)(બી) મુજબના ગુનામાં રૂા. ૧૦૦/-(રૂપિયા એક સો પુરા) તથા મો.વી.એકટની કલમ-૩, ૧૮૧(૧), ૧૮૫ મુજબના ગુનામાં રૂા. ૨,૦૦૦/- (રૂપિયા બે હજાર પુરા) નો એમ મળી આરોપીએ કુલ રૂા. ૨,૧૦૦/- (રૂપિયા બે હજાર સો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો દિન-૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

**ચુકાદો** :- આજરોજ તા. **૯મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૪** ના રોજ લોક અદાલત/સ્પે.સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૯.૦૩.૨૦૨૪
પાટણ

**(સંજયકુમાર ઓ. ગર્ગ)**
ત્રીજા એડી.જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
પાટણ.
(UI Code: GJ01738)

NRP/-